જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૫ /૨૦૨૦,

તા.૭૦ /૦૨/૨૦૨૦

હું, આશીષ ભાટિયા,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૨૪/૨/૨૦૨૦ ના રોજ વી.વી.આઇ.પી.શ્રીઓની મુલાકાત અનુસંધાને ટ્રાફિક સુચારુ રીતે ચાલે અને ટ્રાફિકની સમસ્યા નિવારવાના હેતુસર નીચે મુજબના માર્ગો ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં તા.૨૪/૦૨/૨૦૨૦ ના રોજ નવનિર્મિત મોટેરા સ્ટેડીયમની મુલાકાતે વી.વી.આઇ.પી.શ્રી નાઓ પધારનાર હોય જે અનુસંધાને ટ્રાફીક વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કાર્યક્રમમાં આવતી-જતી જાહેરજનતાને અગવડ ન પડે તે હેતુસર તા.૨૪/૨/૨૦૨૦ ના રોજ સવાર કલાક ૮.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી નીચે જણાવેલ રૂટ ઉપર તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર તેમજ વાહન પાર્કિંગ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

| પ્રતિબંધિત માર્ગ/વિસ્તાર | વૈકલ્પિક માર્ગ |
|---|---|
| ➢ જનપથ ટી થી મોટેરા સ્ટેડીયમ મુખ્ય ગેટ થઇ કૃપા રેસીડન્સી ટી થઇ મોટેરા ટી સુધીનો માર્ગ.<br>➢ ન્યુ સી.જી.રોડ સર્કલથી સંગાથ મોલથી મોટેરા સ્ટેડીયમ તરફનો માર્ગ.<br>➢ કોટેશ્વર ટી થી સોમનાથ ફાર્મ થઇ કૃપા રેસીડન્સી સુધીનો માર્ગ.<br>➢ દેવર્ષ ફ્લેટ ટી થી શરણ સ્ટેશન થઇ આશારામ આશ્રમ ચાર રસ્તાથી કલબ હાઉસ સુધીનો માર્ગ.<br>➢ સરદાર પટેલ રીંગ રોડ ઉપરના એપોલો સર્કલથી ભાટ કોટેશ્વર ચાર રસ્તા સુધીનો માર્ગ. | ⇒ એપોલો સર્કલ થઇ તપોવન સર્કલથી વિસત ટી થી ઓ.એન.જી.સી. ચાર રસ્તા થી જનપથ ટી સુધીના માર્ગ પર અવર-જવર કરી શકાશે.<br>⇒ મોટેરા ટી થઇ રીંગ રોડ ઉપર તરફ અવર જવર કરી શકાશે. |
| ➢ નોબલ ટી થી ઇન્દીરાબ્રીજ સર્કલથી એરપોર્ટ સર્કલ સુધીનો માર્ગ. | ⇒ નોબલ નગર ટી તરફથી નાના ચિલોડા રીંગ રોડ તરફ તથા ગેલેક્ષી અંડરબ્રીજ તરફ અને નરોડા પાટીયા તરફ અવર-જવર કરી શકાશે. |
| ➢ શાહીબાગ ડફનાળાથી એરપોર્ટ સર્કલ સુધીનો માર્ગ | ⇒ શાહીબાગ ડફનાળાથી ઘેવર સર્કલ તરફ તથા શાહીબાગ અંડરબ્રીજ તરફ અવર-જવર કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો તેમજ ફરજમાં રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગ્રેડ, એમ્યુલન્સનાં વાહનોને તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગુ પડશે નહી.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીઓને આ

જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૦ /૨/૨૦૨૦ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૦ /૨/૨૦૨૦
અમદાવાદ શહેર

(આશીષ ભાટિયા)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સપેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.
(૭) વિભાગીય નિયામકશ્રી, G.S.R.T.C., ગીતામંદીર, આસ્ટોડીયા દરવાજા પાસે, અમદાવાદ શહેર
(૮) જનરલ મેનેજરશ્રી,B.R.T.S.,જનમાર્ગ લિ., મધ્ય ઝોનની કચેરી, અ.મ્યુ.કો., ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ શહેર
(૯) ડાયરેક્ટરશ્રી, A.M.T.S., અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર